ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી : ૫

# વગડામાં વનરાઈ

સવશીભાઈ કા. મકવાણા



લોકભારતી પ્રકાશન – સણોસરા

ઝાડનાં પારખાં ફળ પરથી : શ્રેણી : ૫

# વગડામાં વનરાઈ

## સવશીભાઈ કા. મકવાણા

લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૫–'૧૬

ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬
સંકલન : જુગલકિશોર
૧૨, સત્યનારાયણ સોસાયટી – ૧, અમદાવાદ – ૫૧.
ફોન : ૯૪૨૮૮૦૨૪૮૨

S

# અનુક્રમ

ઉપહાર....4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....5

વતનમાંથી સ્થળાંતર....7

મારા જીવનની કેળવણી....9

સ્વરાજ પછીનાં કાર્યો :....14

પંચાયત દ્વારા ગ્રામવિકાસ : શ્રેષ્ઠ ગ્રામપંચાયત....17

સર્વોદય યોજના દ્વારા સર્વાંગી વિકાસ....18


પંચાયતી રાજ્યમાં સંનિષ્ઠ-અનિષ્ટ વચ્ચે ગજગ્રાહ....19

દુષ્કાળ સામે સંઘર્ષ....21

રાજકારણમાં હાર અને માર :....27

વાત્સલ્ય....31

## ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, "લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી." ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ "ઝાડનાં પારખાં ફળ પરથી" એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી

દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને 'કોડિયું'ના સહતંત્રી શ્રી જુગલકિશોરભાઈ દ્વારા રજૂ થઈ, એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનાં પ્રૂફરીડિંગ, ગ્રાફિકકાર્ય તથા પ્રકાશનકાર્યની કામગીરી પણ તેમણે જાતે અજમાવવાની હોંશ બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી **કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી સવિતાબહેનના સૌજન્યે) તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## વતનમાંથી સ્થળાંતર

સૌરાષ્ટ્રની સૂકી ધરતી – પછાત પાંચાળ પ્રદેશની કંકુવરણી ધરતીનું હું બાળક ! ધજાળા ગામમાં ગરીબ સામાન્ય કોળી કુટુંબમાં મારો જન્મ થયેલો. મારા પિતા કાનજીભાઈ ને માતા ભાણીબહેન, મોટાભાઈ કરમશીભાઈ અને નાનોભાઈ વિનોદ. અમારું ગિરાસદારી દરબારી ગણોતિયા ખેડૂત કુટુંબ. સ્વરાજ ત્યારે નહોતું. નાનાનાના દરબારો ખેડૂતને 'રાખે તો રહે ને કાઢે તો જાય' તેવો જમાનો. ગામમાં નહિ નિશાળ કે શિક્ષણ; નહિ રોજીરોટીનું કોઈ સાધન. પાંચાળ પ્રદેશ એટલે સૂકો પ્રદેશ. કુદરતની પણ અવકૃપા; જ્યાં દર ત્રણ વર્ષે દુષ્કાળ કે અછત હોય જ ! લોકો રોજીરોટી માટે સ્થળાંતર કરતાં રહે. સંવત ૧૯૯૬ના ભયંકર દુષ્કાળના સમયમાં મારા પિતાશ્રીએ આજીવિકા માટે ધજાળા ગામ છોડ્યું. બળદ, ગાયો, ભેંસો મહાજનમાં મૂક્યાં. ઘરબાર-ઘરવખરી છોડ્યાં. મારાં માતાપિતા અને કરમશીભાઈએ મજૂરી મેળવવા માટે જોરાવરનગર શહેરની વાટ લીધી. એ વખતે અમારી પાસે ભાડાના પૈસા પણ ન હતા. પાણી ભરવાનું બેડું અને મોટાભાઈના હાથનું સરન (ચાંદીનું કડું)વેચીને ભાડું તથા વાટખર્ચી મેળવેલી. મારાં માતાપિતા અને કરમશીભાઈ જોરાવરનગરમાં છૂટી મજૂરી કરી ચાર કે આઠ આના-રૂપિયો મેળવતાં. એક નાનકડી ભાડાની ઓરડીમાં અમે રહેતાં. ગામડાંવાસી અમને શહેરી જીવન જુદું લાગતું.

જોરાવરનગર-વઢવાણ વચ્ચે સ્વ. ફૂલચંદભાઈ શાહ, સ્વ. ચમનભાઈ વૈષ્ણવની રાષ્ટ્રીયશાળા સંસ્થામાં ખેડૂત મજૂરની જરૂર હતી, ત્યાં મારા પિતાશ્રી કામે જઈ ચડ્યા. એ વખતે ગાંધીજીના અંતેવાસી શ્રી ભગવાનજીભાઈ પંડ્યા અસ્પૃશ્યતાના પ્રશ્ને બંધ પડેલી રાષ્ટ્રીયશાળામાં રહી હરિજન પ્રવૃત્તિ ચલાવે. એ સંસ્થામાં મારા પિતા ખેતીકામ કરે. મારી માતા, મોટાભાઈ પણ મજૂરી કરે. અમે નાનાં બાળકો રખડીએ. એ સમયે ભગવાનજીભાઈએ મારાં માતાપિતાને સમજાવ્યું કે 'આ છોકરાઓ રખડે છે તેને ભણાવો !' અસ્પૃશ્યતા નિવારણ, ખાદીકામ કરતા ભાઈશંકરભાઈ અને માનભાઈએ પણ સમજણ આપી અને મને જોરાવરનગરની પ્રાથમિક શાળામાં દાખલ કર્યો. મારા મોટાભાઈ ખાદી ભંડારમાં કામ કરતા અને ભણતા. પાછળથી તે હરિજનશાળામાં દાખલ થયા. આમ અમારું બંને ભાઈઓનું ભણવાનું શરૂ થયું. એ સમયે સ્વરાજની લડત, સત્યાગ્રહ-આંદોલન

ચાલતાં હતાં. સુરેન્દ્રનગર-જોરાવરનગર, વઢવાણમાં સભાઓ થતી. સરઘસો નીકળતાં અને હડતાલો પડતી.

ભગવાનજીભાઈ પંડ્યાએ કરમશીભાઈને પાંચ ધોરણ પછી આગળ અભ્યાસ માટે ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલામાં મોકલવા મારાં માતાપિતાને ખૂબ સમજાવ્યાં. આંબલાથી અઠવાડિયે-પંદર દિવસે કરમશીભાઈના પત્રો આવે. ભગવાનજીભાઈની સમજાવટથી નાછૂટકે આંબલા મને ભણવા જવાની સંમતિ મારી માતાએ આપી. મારો બિસ્ત્રો, થાળી, વાટકા, લોટો બાંધી આપી મને જોરાવરનગર સ્ટેશને મૂકવા આવી. ''સાચવીને રે'જે,...કાગળપત્તર લખજે, બંને ભાઈ બાઝશો નહિ.'' તેમ કહેતાં તે રડી પડી અને હું પણ રડી પડ્યો. ટ્રેન ઊપડી. અમારું માતા-પુત્રનું એ છેલ્લું મિલન હતું !

## મારા જીવનની કેળવણી

જોરાવરનગરથી મેઈલ ટ્રેઈનમાં હું સોનગઢ સ્ટેશને ઊતર્યો. મને લેવા માટે સામે કરમશીભાઈ આવ્યા હતા. સોનગઢથી ચાલીને અમે જીંથરી થઈ આંબલા પહોંચ્યા ત્યારે સંધ્યા ઢળી ચૂકી હતી. નદીકિનારે ધૌમ્ય ઋષિના આશ્રમ સમી સંસ્થાના મઘમઘતા વાતાવરણમાં આવી ચડ્યો ! થોડી વારે ઝણઝણ કરતો બેલ વાગ્યો અને વિદ્યાર્થીઓ વાસણ, આસન લઈ જમવા બેઠા. વિદ્યાર્થીઓ જ ખીચડી, કઢી, દૂધ પીરસતા હતા. એ વખતે માથે વાંકડિયા વાળ અને ચમકદાર માંજરી આંખો, ધોતિયું, ઝભ્ભો ધારણ કરેલ શિક્ષક વિદ્યાર્થીઓની હાર વચ્ચે પસાર થતાં બોલ્યા, ‘‘કેમ આવી ગયા ભાઈ ?’’ તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ સામે શરમ-સંકોચને કારણે હું સામું પણ જોઈ ન શક્યો. કરમશીભાઈએ કહ્યું કે...‘‘એ મનુભાઈ પંચોળી છે. અહીં મોટા પણ નાનાને માન દઈને બોલાવે છે.’’ મારા મનમાં ધરપત થઈ. વિદ્યાર્થીઓ જમીને ઝટપટ ઊઠ્યા. પોતાનાં વાસણ સૌએ જાતે સાફ કર્યાં...પ્રથમ વખતે મેં થાળી, વાટકો, લોટો જાતે સાફ કર્યાં. પછી પટોપટ વાસણો છાત્રાલયના કબાટની માળી પર મૂકી અમે ફરવા ગયા.

થોડી વારમાં ચોકમાં બાજઠ પર ફૂલદાની ગોઠવાઈ; ધૂપસળી જલાવી,..બેલ વાગ્યો..ને સૌ બટુકો આસન ઉપર એક પછી એક લાઇનમાં બેસી ગયા. બન્ને બાજુ વિદ્યાર્થીઓ, વચ્ચે શિક્ષકો બેઠા. એ વખતે ટૂંકું ધોતિયું, ઝભ્ભો અને માથે સફેદ ટોપી ધારણ કરેલ ધીરગંભીર ચહેરાવાળા વડીલ બેઠા. મેં પૂછયું, ‘‘આ કોણ છે ?’’ ‘‘એ નાનાભાઈ ભટ્ટ છે.’’ ફાનસની વાટ ઝાંખી થઈ અને સાયં પ્રાર્થના શરૂ થઈ. ભજન-ધૂન ગવાયાં. પ્રાર્થના પૂરી થયા બાદ મનુભાઈએ સૌ વિદ્યાર્થીઓને ‘સૂરજની સાખે-દસ્તાવેજ’ વાર્તા કહી...એ વાર્તા ખૂબ ગમી. પછી સૌ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં ગયા. એક ફાનસ ફરતા ચારપાંચ ગોળાકારમાં બેસી સ્વાધ્યાય કરવા લાગ્યા. સાડા નવ વાગ્યા અને બેલ વાગ્યો. સૌ પુસ્તકો મૂકીને છાત્રાલયની ઓસરી–ઓટા પર લાઇનબંધ પથારી પાથરી ટપોટપ સૂવા લાગ્યા. મને ઘર યાદ આવતું હતું. મારી માતા મને સાંભરી આવતાં આંખમાં ઝળઝળિયાં આવી જતાં. મને નીંદર આવતી ન હતી. હું આંગણામાંનાં ગુલાબ, મોગરો, જૂઈ, રાતરાણીનાં ફૂલોની મહેકની વચ્ચે માની મધુર યાદ કરતો જાગતો પડ્યો હતો. એ વખતે બ્લ્યૂ ચડ્ડી અને ગળે રૂમાલ બાંધેલ ભાઈ વિદ્યાર્થીઓની વચ્ચેથી પસાર થયા અને જે વિદ્યાર્થી ઊંઘી ગયા હતા, શરીરે ઉઘાડા

હતા તેના શરીર પર ચાદર ઓઢાડે તો કોઈને ગોદડું ઓઢાડે. મને થયું કે આ કોણ હશે ? એ ગૃહપતિ ગુણવંતભાઈ હતા, જેઓ સહુને જમાડીને જમતા, સૌને સૂવડાવીને સૂતા. મને દૂધ ભાવતું ન હતું એથી તેમણે મારા માટે દહીંનો પ્રબંધ કરાવ્યો હતો.

બીજા દિવસે વહેલી સવારે પાંચ વાગ્યે બેલ વગાડી ગૃહપતિ ગુણવંતભાઈએ સૌ વિદ્યાર્થીઓને જગાડ્યા. સાથે બેસી દાતણપાણી કર્યાં. દાતણ કેમ કરવું, ચીર કેમ કરવી, ઊલ કેમ ઉતારવી તે પણ શીખવ્યું ! મોઢું ધોઈ કોગળા કર્યા ત્યાં ગૃહકામનો બેલ વાગ્યો. હવે શું થશે તે હું જોઈ રહ્યો. અહીંના વાતાવરણની વિશેષતા એ હતી કે આપમેળે કાર્યક્રમમાં જોડાવાની ઇચ્છા થતી. વિદ્યાર્થી બટુકોની ટુકડીઓ નીકળી પડી. કોઈ પાણી ભરવા લાગ્યા, તો કોઈ રૂમ વાળવા લાગ્યા. એક ટુકડીએ સાવરણાની ઝપટ લગાવી ચોક સાફ કર્યો. ધૂળની ડમરી ચડાવી. પૂર્વની ઉષાની રંગોળીમાં એણે સાથિયા પૂર્યા. આખું વાતાવરણ જુદાં જુદાં ગૃહકાર્યોથી ગૂંજી ઊઠ્યું.

પશ્ચિમ દિશાએ આમ્રકુંજોમાંથી કિલકિલાટ કરતાં પક્ષીઓ પાંખો ફફડાવી વિહાર કરતાં હતાં. એ વખતે ગોશાળામાં ગાયો દોહવાઈ રહી હતી. વાછરું ફૂદાફૂદ કરી રહ્યાં હતાં. પૂળો પૂળો મૂછોવાળો ખીમજી ગોવાળ બા...પો, બા...પો કહી મોટા વિદ્યાર્થી સાથે ગાયો દોહવાના કામમાં મશગૂલ હતો. ગંગા, જમના, રેણુકા, મહાશ્વેતા ગાયોનાં નામ સાંભળી આનંદ સાથે આશ્ચર્ય થયું. છાત્રાલયના પગથિયે ઊભો રહી સૃષ્ટિના આ મંગલ ચેતનવંતા વાતાવરણ, દૃશ્યને હું નીરખી રહ્યો. ફરી પાછો બેલ વાગ્યો. બટુકો હાથમાં વાટકા અને આસનિયાં લઈ લાઇનમાં બેઠા. દરેક વિદ્યાર્થીને અર્ધો રોટલો અને દડબા જેવું દહીં પીરસાયું. એ નાસ્તાનો સ્વાદ મને વર્ષો પછી પણ ભુલાયો નથી.

આ તો ગ્રામદક્ષિણામૂર્તિ-લોકશાળા, લોકોની શાળા. એમાં કામ સાથે તાલીમ આપવાનો પ્રબંધ હતો. સવારનો ચેતનવંતો સમય તે લોકશાળાના સમૂહશ્રમનો સમય. ખેતીવાડી શિક્ષકે મોટા વિદ્યાર્થીના નાયકપણા નીચે વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડી, ફળઝાડ અને ગોશાળાનાં કામો સોંપ્યાં, સાધન આપ્યાં. મારા ગજા પ્રમાણે મને પાણી વાળવાનું સોંપ્યું. જમરૂખી વચ્ચે રીંગણી, ટમેટી, દૂધી, મરચી, ટીંડોરીના પ્લોટમાં પાણી વાળતાં મને ખૂબ આનંદ થતો. બે કલાકના સમૂહકામ પછી સૌ વિદ્યાર્થીઓને ગૃહપતિ ગુણવંતભાઈ તળાવે નાહવા લઈ ગયા. સૌના આનંદનો પાર નહોતો. સૌ

નાહવામાં મશગૂલ હતા. મને ગુણવંતભાઈ તરતાં શીખવતા હતા. જાતે કપડાં ધોઈ અમે સંસ્થામાં આવ્યા. જમવાનો બેલ વાગ્યો. ભોજન સાદું, સાત્ત્વિક અને પૌષ્ટિક હતું.

ભોજન પછી એકથી બે વાગ્યા સુધી 'સમૂહ કાંતણ' હતું. તેમાં પૂ. મનુભાઈ, પૂ. નાનાભાઈ, અન્ય કાર્યકરો, વિદ્યાર્થીઓ પેટી રેંટિયા પર સાથે બેસી કાંતતા હતા. મને મારા મોટાભાઈએ પાસે બેસી કાંતતાં શીખવ્યું. બપોરે બે વાગ્યે બૌદ્ધિક વર્ગોનો બેલ પડ્યો અને એ જ છાત્રાલયમાં સૌ વિદ્યાર્થીઓ પોતપોતાની પાટી, પેન, પુસ્તકો લઈ આસન પાથરી બેસી ગયા. થોડી જ વારમાં મનુભાઈ આવ્યા ને પાટિયા પર ઝવેરચંદ મેઘાણીની "બાપુ તમે નાના થૈને રે" કવિતા લખી, એવી ઢબથી ઝિલાવી કે વિદ્યાર્થી આનંદ મસ્તીમાં ડોલવા લાગ્યા. વર્ગ ક્યારે પૂરો થયો તેની ખબર પણ પડી નહિ ! ત્યાં બીજા વર્ગના બે ટકોરા પડ્યા ને શ્વેતવસ્ત્રધારી પૂ. વિજ્યાબહેન આવ્યાં; મલકતાં મોંએ પાટલા પર બેસીને સૌ વિદ્યાર્થી પર નજર નાખી, રાષ્ટ્રભાષા હિન્દીના વર્ગમાં કબીરનો દુહો શીખવ્યો.

મારા માટે હિન્દીનો પ્રથમ વર્ગ હતો, પણ મજા આવી. તેમની શીખવવાની પદ્ધતિ જ એવી હતી કે સૌને હિન્દી શીખવામાં રસ પડ્યો.

ત્રીજા વર્ગમાં ટૂંકું ધોતિયું, ઝભ્ભો, ખભે ખેસ, માથે ટોપી ધારણ કરેલા ગંભીર મુખમુદ્રાવાળા નાનાભાઈ આવ્યા. પાટલા પર બેસી મહાભારતની કથા આગળ ચલાવી. તેમના મુખે ભીમ-અર્જુનનાં પરાક્રમો; એકલવ્યની ગુરુભક્તિ, કર્ણ-કુંતી-કૃષ્ણની કથા ભાવપૂર્ણ છટાથી સાંભળી. વાતાવરણમાં નાનાભાઈના મોં પરની ગંભીરતા ક્યાં ઓસરી ગઈ તેની ખબર પણ ન પડી.

પછીના વર્ગમાં મૂળશંકરભાઈએ દિલરૂબાના સૂર સાથે વર્ષાઋતુનાં ગીતો ગાયાં અને ગવડાવ્યાં. રમતગમતનો બેલ વાગ્યો. આગળ ગુણવંતભાઈ અને પાછળ વિદ્યાર્થીઓ આંબાવાડિયાના વિશાળ પટમાં. મનુભાઈ પણ આવી પહોંચ્યા. એક ટુકડીમાં ગુણવંતભાઈ ને બીજી ટુકડીમાં મનુભાઈ. હુતુતુતુની ખરી રંગત જામી. ખોખો, લંગડી જેવી દેશી રમતો રમ્યા. નાના–મોટા, ગુરુ-શિષ્યનો ભેદ નહીં; સૌ સાથે નિર્દોષ આનંદ માણતા.

સંધ્યાનું રમ્ય વાતાવરણ છવાયું હતું. પ્રભાતે વિહાર કરી ગયેલાં પક્ષીઓ પોતપોતાના માળામાં આવવા લાગ્યાં. અમે હાથપગ-મોં ધોઈને સાંજનું વાળુ પતાવી, થોડું આમતેમ ફરી સાયં પ્રાર્થનામાં બેઠા. ભજન –ધૂન પછી પૂ. મૂળશંકરભાઈના મુખેથી "સાહસિકોની સૃષ્ટિ"ની વારતા સાંભળી. આ રીતે સંસ્થામાં ચોવીસ કલાકનું ચક્ર પૂરું થયું.

ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના વિશાળ પરિવારમાં અમને સોરવી ગયું. અમારા શિક્ષકો સાહેબ કે સર ન લાગ્યા. તેઓ મા-બાપથી પણ વિશેષ જતન કરતા. જે રીતે કુંભાર એક માટીના પિંડમાંથી વાસણ ટપલાં મારીમારીને ઘડે, કોઈ મહાન શિલ્પકાર જે રીતે નિર્જીવ પથ્થરોમાંથી મૂર્તિ કંડારે તેમ અમારા જીવનનું ઘડતર કરતા, સંસ્કારોનું સિંચન કરતા અને સર્જનનું શિક્ષણ આપતા. અમારા અભ્યાસના એ દિવસો પવનની પાંખે બેસીને પસાર થતા હતા. ઋતુચક્ર ફરતું હતું. અમે પણ બાળવય-કિશોરાવસ્થા વટાવીને યુવાનીના ઉંબરે આવીને ઊભા રહ્યા.

માગશર વદ બારશ; એ અમારી માતૃસંસ્થાનો જન્મદિવસ. દર વર્ષે ભારે ધામધૂમથી ઊજવાતો. દર વર્ષે પૂ. નાનાભાઈ દેશના કોઈ મહાન માણસને નોતરતા હતા. આ ઉત્સવની તૈયારીઓ મહિનો-માસ પહેલાં શરૂ થતી. મકાનો નવાં રૂપ-રંગ ધારણ કરતાં. ચિત્રકામ, સુશોભન, નાટકો ભજવવાં, સમૂહગીતો તૈયાર કરવાં, ભીંતો પર સુશોભન –ચિત્રો દોરવાં, રંગોળીઓ કરવી, તાવડી, માટલાંની ઉતરડ બનાવવી. આવા ઉત્સવમાંથી હું ચિત્રકળાને માર્ગે વળ્યો. સાદા માટીના રંગોથી વિશાળ ભીંતચિત્રો કરવા લાગ્યો. આ જોઈ પૂ. મનુભાઈ મારી પીઠ થાબડતા હતા. મને ચિત્રકાર બનવાની લગની લાગી.

મને બરાબર યાદ છે કે માગશર વદ બારશના મંગલ ઉત્સવ વખતે લોકસભાના તે વખતના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવલંકર-માવલંકરદાદા પધાર્યા હતા. એ વખતે ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી સંસ્થાના જૂના વિદ્યાર્થીઓ, અનેક આમંત્રિત મહેમાનો પધાર્યા હતા. તે વખતે જે વિદ્યાર્થીઓની લોકશાળાની પાંચ વર્ષની તાલીમ પૂરી થઈ હોય તેમને પ્રમાણપત્ર આપવાનો સમારંભ આંબાવાડિયાની છાયામાં યોજાયો હતો. તે પ્રસંગે લોકશાળાનો ઉદ્દેશ સમજાવતા નાનાભાઈએ કહ્યું કે, "હું દક્ષિણામૂર્તિ ભાવનગર છોડી આંબલા આવ્યો અને ગ્રામદક્ષિણામૂર્તિ સંસ્થા શરૂ કરી તેની પાછળ અમારો ઉદ્દેશ એ છે કે ગામડામાંથી જ ગામડાંનો સર્વાંગી વિકાસ કરનારા

જન્મવા જોઈએ. જેમને ભણ્યા પછી વધારે પૈસો મેળવવાની લાલસા ન જાગે અને ગામડામાં રહી ગામડાંનો વિકાસ કરવા, ગામડાંને બેઠાં કરવાની ભાવના જાગે તો જ ગામડે ગામડે પોતાના ધંધા કે નોકરી કરતાં કરતાં ગામડાંને દોરવણી આપી ધરતીની સાચી નેતાગીરી જતે દહાડે ઊભી થાય. એનાં મૂળિયાં ત્યાં જ હોય અને તેમાંથી જ સેવાભાવી સંસ્કારી પ્રાણવાન ગામડાંઓ તૈયાર થાય.''

પૂ. નાનાભાઈના ઉદ્ગારોની અસર છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ ઉપર વિશેષ થઈ. ''અમે ગામડામાં જઈ આમ કરીશું, અમે ગામડામાં જઈ તેમ કરીશું.'' સંસ્થામાં અભ્યાસકાળ સમયે કૃષ્ણ-સુદામા જેવી દિલોજાન દોસ્તી થઈ હતી. તેમણે બધાએ મળીને ગામડાંમાં જઈ સંસ્થા સ્થાપવાનાં સ્વપ્નાંઓ સેવ્યાં હતાં. ''પગલાં'' હસ્તલિખિત માસિકમાં લેખો લખ્યા હતા ! વિદ્યાર્થી મંડળની ચર્ચાસભાઓ ગજવી હતી. પૂ. નાનાભાઈ, પૂ. મનુભાઈ, પૂ. મૂળશંકરભાઈએ જે શિક્ષણ, સંસ્કાર અને આદર્શો આપ્યા હતા, તે ગ્રામસમાજમાં જઈને મૂર્તિમંત કરવાના કોડ સેવ્યા હતા. કલ્યાણગ્રામ બનાવીને જ જંપવાની ઇચ્છાઓ પ્રગટ કરી હતી. પરંતુ ભાવના, આદર્શ, કલ્પના એક વસ્તુ છે. આદર્શઘેલા વિચાર કરનારા યુવાન મિત્રો સમય-સંજોગોના સપાટે વેર-વિખેર થઈ ગયા. શ્રી કરમશીભાઈ ગુજરાત વિદ્યાપીઠમાં વિશેષ અભ્યાસાર્થે ગયા. જગુભાઈ ગોડા સેવાગ્રામ-વર્ધા ગયા અને ભૂદાન-ગ્રામદાનના સંદેશા સાથે કન્યાદાન પણ લઈ આવ્યા. મગનભાઈ જોષી વાત્સલ્યધામ માલપરા શિક્ષણસંસ્થામાં જોડાયા. મેં ચિત્રકારની સાધના માટે ભાવનગર જઈ ચિત્રકામની તાલીમ લીધી, અને ત્યાર પછી પછાત પાંચાળ પ્રદેશ-માદરે વતનમાં કામ કરવા જવાની તમન્ના થઈ.

## સ્વરાજ પછીનાં કાર્યો :

**૧) સરકારનું જમીનદારી નાબૂદીનું કાર્ય :** સ્વરાજ મળી ગયું ! સૌરાષ્ટ્રનાં ૨૦૨ રજવાડાનું વિલીનીકરણ થયું. સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉછરંગરાય ઢેબર, ગૃહમંત્રી શ્રી રસિકભાઈ પરીખ, શિક્ષણમંત્રી શ્રી નાનાભાઈ ભટ્ટ, ગ્રામવિકાસ –પંચાયતમંત્રી શ્રી રતુભાઈ અદાણી અને બીજા આગેવાનો મંત્રીમંડળમાં જોડાયા હતા. સૌરાષ્ટ્રના રાજકીય અને રચનાત્મક કાર્યકરો એક હતા. મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈ શિક્ષણની બાબતમાં નાનાભાઈના વિચારોને ધ્યાનમાં લઈને ચાલતા. ખેતીવાડીની બાબતમાં ગોંડલના મોટી મારડના ભીમજી રૂડા – ભીમબાપાની સલાહને સ્વીકારતા. સૌરાષ્ટ્રમાં ઢેબરભાઈએ “જમીનદારી નાબૂદી” કરવાનું નક્કી કર્યું તે વખતે દેશમાં સૌરાષ્ટ્ર પહેલું રાજ્ય હતું, જેણે “ખેડે તેની જમીન”, જમીનદારી ભાગબટાઈ-વેઠપ્રથા નાબૂદ કરવા માટે નિર્ધાર કર્યો ત્યારે દેશના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે પણ સલાહ આપેલી કે “જમીનદારી નાબૂદી માટે ધીરજ રાખો. જમીનદારી નાબૂદી કરવા જતાં ગામડે ગામડે વિરોધવંટોળ જાગશે, મુશ્કેલીઓ ઊભી થશે.” બીજી તરફ સૌરાષ્ટ્રમાં ભૂપતનું બહારવટું ચાલતું હતું. કેટલાંક રજવાડાંઓ તેને આશ્રય આપતાં હતાં. ખેડૂતોના ખૂન થતાં હતાં. એ વખતે સંતપુરુષ ઢેબરભાઈએ જણાવેલ કે “કાં તો ઢેબર નહિ, કાં તો જમીનદારી નહિ.” જમીનદારો ને ખેડૂતો વચ્ચે પરસ્પર સમજૂતીથી છ પટની કિંમત ગણી અમુક વર્ષ સુધી વિઘોટીની રકમ આપવાનું નક્કી કરી જમીનદારોને સંમત કર્યા. ‘લૅન્ડ મોર્ટગેજ બૅંક’ની સ્થાપના કરી. દરેક જિલ્લામાં જમીનદારી નાબૂદી માટે ગિરાસદારોને ખેતી માટે જમીન આપવા માટેનાં પંચો નિમાયાં અને ઘરખેડ પંચથી જમીનદારોને જમીન આપી, બૅન્ક મારફતે છ પટની રકમ ખેડૂતોને ધિરાણ આપી જમીનદારોને ચૂકવી. વિઘોટી મળે તેવો પ્રબંધ કર્યો. કાયદાથી ખેડૂતોને જમીનના માલિક બનાવ્યા. ભાગબટાઈ-વેઠપ્રથા નાબૂદ કરી. આ કાનૂનનો અમલ કરવા ખેડૂતોમાં જાગૃતિ લાવવી એ પણ એક પાયાનું કામ હતું. સૌરાષ્ટ્રના ગૃહપ્રધાન શ્રી રસિકભાઈ પરીખે મને સાયલા તાલુકાનું કામ કરવાનું સોંપ્યું. મને સાયલા તાલુકા કૉંગ્રેસ સમિતિનો મંત્રી બનાવ્યો. મોટા ભાગનાં ગામો ગિરાસદારોનાં, ખેડૂતો ભાગબટાઈથી ખેતી કરતા ને ગુલામી મનોદશામાં જીવતા. હું જમીનદારી નાબૂદી કાયદાનો અમલ કરવા જમીનના કબજા હક માટેનાં ફોર્મ ભરાવવા ગામડે ગામડે ફર્યો ને ખેડૂતોને સમજાવવાનું કામ

કર્યું. આ કામ કરતાં માથાભારે ગિરાસદારો તરફથી જાનથી મારી નાખવાની ધમકીઓ, જાસા-ચિઠ્ઠીઓ મળતી પણ સૌરાષ્ટ્રમાં આ વખતે સલામતી ધારો અમલમાં હતો. સરકાર કડક હાથે કાયદો અને વ્યવસ્થા જાળવતી, કડક પગલાં ભરતી. તેમ છતાં કેટલાક ખેડૂતોનાં ખૂન થયાં. હાથપગ ભંગાયા, સ્વ. શિવાનંદજી સ્વામીનું ખૂન થયું. પરંતુ ઢેબરભાઈ અને રસિકભાઈએ જમીનદારી નાબૂદ કરી ખેડૂતોમાં જાગૃતિ આણી. તેમનામાં નૈતિક બળ –ખમીર પેદા કરી તેમને જમીનના માલિક બનાવ્યા. જમીનદારો પણ ખેડૂત બન્યા. આ રીતે મહાન પરિવર્તન થયું.

**૨) ઘરશાળા-આશ્રમશાળા-શિક્ષણકાર્ય** : ગ્રામદક્ષિણામૂર્તિનું શિક્ષણ, ચિત્રકળાની તાલીમ અને મારા રસના વિષયોએ મને ઈ.સ. ૧૯૫૩માં શિક્ષણ તરફ વાળ્યો. શ્રી રસિકભાઈ પરીખ વઢવાણ કેળવણી મંડળના પ્રમુખ હતા. તેમણે મને વઢવાણ-જોરાવરનગર વચ્ચે આવેલ રાષ્ટ્રીયશાળા જે સ્વ. ફૂલચંદભાઈએ સ્થાપેલી તેમાં પછાત વર્ગના વિદ્યાર્થી માટેની ‘‘ઘરશાળા-આશ્રમશાળા’’ ચલાવવા સહકાર્યકર તરીકે જોડાવા આમંત્રણ આપ્યું. વિમુક્તજાતિ – પગી, સંધી, ભવાયા, ખારવા, નાયક વ. કોમનાં બાળકોને એકઠાં કર્યાં. શ્રી જુગતરામભાઈ દવે, શ્રી રતુભાઈ અદાણીની હાજરીમાં એ શાળા શરૂ થઈ. મેં ઘરશાળામાં ચિત્રશિક્ષક-ગૃહપતિ તરીકે જે રીતે ગ્રામદક્ષિણામૂર્તિમાં અભ્યાસ કર્યો હતો તે જ રીતે આ બાળકોને શિક્ષણ-સંસ્કાર આપવાનું ઈ.સ. ૧૯૫૮ સુધી કર્યું જેનાથી અનેક ખમીરવંતા યુવાનો તૈયાર થયા...

**૩) ગ્રામવિદ્યાલય લોકશાળા** : ગુજરાત વિદ્યાપીઠનો અભ્યાસ પૂરો કરી કરમશીભાઈ પાછા આવ્યા. એમના મનમાં પછાત-પાંચાળ પ્રદેશમાં કામ કરવાની ભારે ધગશ હતી. આથી તેઓ ધજાળા ગામને ચોરે ગ્રામસેવાની ધૂણી ધખાવીને બેઠા. રાત્રિશાળા શરૂ કરી. પ્રૌઢશિક્ષણ કાર્ય શરૂ કર્યું. દિવસે ગ્રામજનોનાં નાનાંનાનાં બાળકોની ગ્રામશાળા શરૂ કરી. બાળકોને ભણાવે, તેમની સાથે સફાઈ કરે, પાણી ભરે, ઝાડના ખાડા ખોદે, ઝાડ વાવે, રસ્તા બનાવે, ચોક બનાવે. એ રીતે કરમશીભાઈ ‘‘માસ્તર’’ની ઉપમા પામ્યા ! અમે સાથે મળી ઈ.સ. ૧૯૫૮ મેની ૫ મીના શુભ દિવસે ધજાળા ગામના ચોરામાં જ છાત્રાલય સહિતની ગ્રામ વિદ્યાલય લોકશાળા ૧૦ વિદ્યાર્થીઓની સંખ્યાથી શરૂ કરી. ચોરાની નાનકડી ઓરડી એ અમારું રસોડું ! ચોરાનો ઓરડો એ અમારું છાત્રાલય અને અભ્યાસખંડ ! ચોરાની સામેના ચોકમાં રેતી પાથરીને આભના ચંદરવા નીચે સૂવાનું.

વિદ્યાર્થીઓનાં વાલીઓ લવાજમમાં અનાજ આપે, મારાં પત્ની તેને સાફ કરી આપે, તે અને અમે વિદ્યાર્થીઓની સાથે રહી રસોઈ કરતાં શીખવીએ અને પોતાનાં બાળકોની જેમ જમાડીએ.

**૪) સમૂહશ્રમથી લોકશાળાનાં મકાનોનું સર્જન** : અમારી નાનકડી સંસ્થામાં આસપાસનાં ગામોના વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જતી હતી. મકાનની અગવડ હતી. પાકાં મકાનો બાંધવા પુષ્કળ પૈસા જોઈએ જે અમારી પાસે નહોતા. પરંતુ અમે પૂ. નાનાભાઈ પાસેથી હબસીઓના કુલગુરુ બુકર-ટી વૉશિંગ્ટનની કથા સાંભળી હતી કે જેણે જાતે ઈંટો પાડી શાળાનાં મકાનો બાંધી ટસ્કેજી મહાવિદ્યાલય બનાવ્યું હતું ! એટલે અમે પણ બાવડાંના બળે ગ્રામજનોના સહકારથી સમૂહકામ દ્વારા બે છાત્રાલયો તથા ભોજનાલય-રસોડાનાં ત્રણ સાદાં કાચાં મકાન બનાવવાનો સંકલ્પ કર્યો. ગ્રામસભા ભરી, ગ્રામજનોનો સહકાર માગ્યો. ગામના ખેડૂતો પોતપોતાનાં બળદગાડાંથી એક દિવસ માટી ખોદીને સારી આપે. અમે તથા વિદ્યાર્થીઓએ હોંશે હોંશે મકાનોના પાયા ગાળ્યા. ખેડૂતોએ માટી સારી આપી મોટા ઢગ કરી દીધા. માટીનાં મકાનો ઓડ કારીગરો પાસે ચણાવ્યાં. મકાનોને માળવા છાપરા માટે દેશી લાકડું સાજડ, વાંસ, વંજી જેવો સસ્તો કાટમાળ અને તે પણ ઉધાર લાવ્યા ! ગામના અને આસપાસના સુથારોએ વિનામૂલ્યે મકાનો માળી આપ્યાં. વિદ્યાર્થીઓ સાથે અમે ગારમાટીનાં ગારિયાં ખૂંદ્યાં. ગામની બહેનોએ ગાર-માટીનો ઓળીપો કરી આપ્યો. વિદ્યાર્થીઓએ, કાર્યકરોએ વંજી ચોડી અને દેશી નળિયાં ચડાવ્યાં. ખાડાટેકરા પૂરી ચોક બનાવ્યા. તેમાં નદીની રેતી લાવીને પાથરી. આંગણામાં ફૂલછોડ તેમજ વૃક્ષો વાવ્યાં. આ રીતે સૌના સહિયારા પુરુષાર્થના પ્રતીકરૂપે ધજાળા ગામને પાદર છાત્રાલય સહિતની નાનકડી શિક્ષણસંસ્થા વિદ્યાર્થીઓથી કિલ્લોલતી બની ગઈ ! પાંચાળના તીર્થધામ સમું ધજાળા ગામ શોભી ઊઠ્યું.

## પંચાયત દ્વારા ગ્રામવિકાસ : શ્રેષ્ઠ ગ્રામપંચાયત

સૌરાષ્ટ્રમાં ગ્રામવિકાસ ખાતા મારફત ગામેગામ પંચાયતો સ્થાપવામાં આવી રહી હતી. તાલુકા કક્ષાએ ‘વિકાસ ઘટકો‘ની શરૂઆત થઈ અને ગામેગામ ગ્રામવિકાસનાં પગરણ મંડાયાં. અને એ રીતે અમે ધજાળા ગામે ગ્રામ પંચાયતની સ્થાપના કરી. પંચાયતની શરૂઆતથી જ અમે ગ્રામસભાને મહત્ત્વ આપેલું. મોટાભાગના નિર્ણયો ગ્રામસભામાં જ લેવાતા. ગામના ચોરામાં અમે પંચાયતની સ્થાપના કરેલી. પંચાયત મારફત પ્રાથમિક શાળાનું મકાન બનાવ્યું. તે પછી પીવાના પાણીનો કૂવો તથા નાહ્વાધોવાના ઘાટ બનાવ્યા. સમૂહકામથી ગામના રસ્તા, ચોક બનાવ્યા, રસ્તાની બન્ને બાજુ વૃક્ષો વાવ્યાં. વિકાસ ઘટકની દરેક યોજનાનો અમલ ધજાળા ગામમાં થાય તે માટે અમે તત્પર રહેતા. વિકાસ ઘટક દ્વારા લાભ લઈ અમે ગામના ખેડૂતોને બીજા પ્રદેશની ખેતીવાડી જોવા માટે પ્રેરણાપ્રવાસે લઈ જતા અને સુધારેલી જાતની ખેતીનાં પ્રત્યક્ષ દર્શન કરાવતા. શિક્ષણસંસ્થાઓ, ધાર્મિક સ્થળોના પ્રવાસ કરાવતા. આથી આ પછાત પ્રદેશના ખેડૂતોને નવું જ્ઞાન મળતું અને જે કાંઈ બહાર જોતાં તેનો ગામમાં અમલ કરવા પ્રયત્ન કરતા. અમે પંચાયત મારફત ગ્રામ વિકાસનાં કાર્યો કર્યા કરતા; ગ્રામસભામાં સંકલ્પ કરીને દરેક કાર્ય પ્રજાફાળો ભરીને સમૂહશ્રમથી કરતા. પ્રાથમિક શાળા પછી પાણીપુરવઠા યોજના બનાવી. ગામને પાદર ચોવીસ કલાક પાણી મળે તેવી સુવિધા કરી. નાહ્વા-ધોવા માટે સ્નાનઘાટ, બાથરૂમ બનાવ્યા. પંચાયતઘર, સહકારી ગોડાઉન, મંત્રીઘર બનાવ્યાં. નાનકડું ગ્રામજંગલ બનાવ્યું અને એ રીતે તાલુકામાં, જિલ્લામાં અને ડિવિઝનમાં શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકેની હરીફાઈઓમાં ૫૦૦૦ રૂપિયાનાં જુદાં જુદાં ઇનામો મેળવ્યાં. એ રકમમાંથી ગામમાં દવાખાનું બંધાવ્યું, ગ્રામ –વીજળીકરણ કરાવ્યું. સાયલા તાલુકાના ગ્રામવિસ્તારોમાં ધજાળા રોશનીથી ઝળહળી ઊઠ્યું ! અને છેલ્લે ગ્રામ અભિનવ યોજના નીચે નાનકડા ગામમાં ડામર રોડ, વૉટર સ્ટેન્ડ બનાવ્યાં. પંચાયતની સ્થાપનાથી આજ સુધી ગ્રામસભા દ્વારા પંચાયતની બિનહરીફ રચના કરી. સંપ-સહકારથી ધજાળાના વિકાસની ધજા ફરકી રહી છે.

## સર્વોદય યોજના દ્વારા સર્વાંગી વિકાસ

અમે ધજાળામાં બેસી લોકશાળા, શિક્ષણ –સંસ્કાર, પંચાયત, સહકારી પ્રવૃત્તિ, ગ્રામવિકાસની રચનાત્મક પ્રવૃત્તિઓ કરતા હતા. સાથે સાથે સાયલા તાલુકાનાં તમામ ગામોમાં સમાજના નબળા વર્ગોનો પણ ઉત્કર્ષ થાય તેનો પ્રયત્ન કરતા. ઈ.સ. ૧૯૬૨-૬૩માં ગુજરાત સરકારના તે વખતના પંચાયત-સહકાર-સર્વોદય મંત્રી શ્રી રતુભાઈ અદાણીનું ધ્યાન અમારા તરફ ગયું. તેમણે આ પછાત પ્રદેશ માટે સર્વોદય યોજના આપી. મને ઉપ સંચાલક બનાવી રચનાત્મક કામ કરવાની તક આપી. ૧૯૬૩માં પંચાયત રાજના પ્રારંભ સાથે જ સર્વોદય યોજનાની પ્રવૃત્તિની શરૂઆત કરી. પ્રથમ સાયલા તાલુકાની આર્થિક, સામાજિક સર્વે–મોજણી કરી અને તેના આધારે અમારી પ્રવૃત્તિનો વિસ્તાર કર્યો. જે ગામમાં પ્રાથમિક શાળા નહોતી ત્યાં શાળાઓ શરૂ કરાવી. સર્વોદય યોજના હસ્તક ૧૦ શાળાઓ સંભાળી. લોકભારતી અધ્યાપનના ભાવનાશાળી નવા શિક્ષકો મૂક્યા. શાળાઓમાં સંખ્યા, ધોરણ વધાર્યાં. વિમુક્ત જાતિ આશ્રમશાળા, છાત્રાલય સહિતની માધ્યમિક શાળા (ઉત્તર બુનિયાદી વિદ્યાલય) શરૂ કરી. ગામેગામ સમાજના પછાત અને આર્થિક રીતે નબળા ભંગી, હરિજન અને વાઘરી સૌને મકાન બનાવવામાં સહાય કરી.

તાલુકાનાં ગામોમાં નવાં ખાતર, હાઇબ્રીડ બિયારણ, સુધારેલી જાતનાં ખેતીનાં ઓજારોનો પ્રચાર કરી, ફળઝાડની કલમો આપી, ખેડૂતોને નવી પદ્ધતિની ખેતી તરફ વાળ્યા. રાત્રિશાળાઓ, સમાજશિક્ષણવર્ગો શરૂ કરાવ્યા. ખેડૂતો, વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રેરણાપ્રવાસો યોજ્યા. ખાદીગ્રામોદ્યોગ પ્રવૃત્તિમાં પેટીરેટિંયા, અંબર ચરખા ચાલુ કરાવ્યા. ગિરાસદારી ગામોમાં બહેનોને પૂરક રોજી મળી રહે તે માટે પ્રયત્ન કર્યો. જરૂરિયાતવાળાં ગામોમાં પીવાનાં પાણીના કૂવા ગળાવ્યા. અમુક ગામો વચ્ચે આયુર્વેદિક દવાખાનાં શરૂ કરાવ્યાં. પશુસુધારણા માટે અમુક ગામો વચ્ચે ગીર જાતના ઘણખૂંટ અપાવ્યા. ગ્રામ વિસ્તારમાં અસ્પૃશ્યતા નિવારણ, નશાબંધીનો સંદેશો ગામેગામ પહોંચાડ્યો. આખા વિસ્તારમાં સામાજિક કુરિવાજો ત્યજવા માટે સંમેલનો ભરી પછાત કોળી સમાજ કે જેઓ લગ્ન-કારજ પાછળ હજારો રૂપિયા વેડફી નાખતા, તેમાં સામાજિક સુધારા કરાવી એક બંધારણ નીચે લાવી કન્યાવિક્રય બંધ કરાવ્યો. આવાં રચનાત્મક કામો ધૂણી ધખાવી દસ વર્ષ સુધી કર્યાં.

## પંચાયતી રાજ્યમાં સંનિષ્ઠ-અનિષ્ટ વચ્ચે ગજગ્રાહ

ગુજરાતમાં ઈ.સ. ૧૯૬૩થી પંચાયતી રાજ્યનો પ્રારંભ થયો. પૂ. મહાત્મા ગાંધીજીના વિચારો અને આદર્શ પ્રમાણે સ્વ. બળવંતરાય મહેતાએ પંચાયત રાજ્યના આપેલા માળખાના આધારે તે વખતના ગૃહમંત્રી શ્રી રસિકભાઈ પરીખના પ્રમુખપદે સમિતિ રચાઈ અને ગુજરાતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ અમલમાં આવ્યું. સૌરાષ્ટ્ર રાજ્યમાં રાજકીય, સામાજિક અને રચનાત્મક કાર્યકરોનાં ગાંધીવાદી વિચારો અને મૂલ્યોના કારણે સૌરાષ્ટ્રની પંચાયતોની ગ્રામસભાઓમાં સર્વાનુમતે સરપંચો ચૂંટાતા. પરંતુ ધીમે ધીમે ગામડાંના ડાંડ માણસો પણ પંચાયત રાજ્યનાં સત્તાસ્થાનો કબજે કરવા આગળ આવવા લાગ્યા. શ્રી રસિકભાઈ પરીખ અમારી જોડે નિકટનો નાતો ધરાવતા હતા. તેમને પૂ. મનુભાઈ પંચોળીએ ભલામણ કરેલી કે ‘‘અમારા જૂના વિદ્યાર્થી કરમશીભાઈ ધજાળામાં વર્ષોથી જાહેર જનસેવાની પ્રવૃત્તિ કરે છે. તેમને તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતમાં સ્થાન આપજો.’’ શ્રી રસિકભાઈની ભલામણથી કરમશીભાઈને કોંગ્રેસ પક્ષે તા. પં. પ્રમુખની ટિકિટ આપી. આથી સાયલા તાલુકાનાં જૂનાં રાજાશાહી-સામંતશાહી પરિબળો ઉશ્કેરાયાં. ‘‘તાલુકા પંચાયત પ્રમુખપદે એક પછાત કોળી આવે ?’’ કાઠી દરબારો અને માથાભારે માણસો – અનિષ્ટ તત્ત્વો એક થયાં. કરમશીભાઈ અને મને ખૂનની ધમકીઓ મળી. પણ તે વખતના ગૃહમંત્રીના સાવચેતીનાં સમયસરનાં પગલાંથી એસ. આર. પી. ગોઠવાઈ. કાયદો અને વ્યવસ્થા જાળવવા કડક પગલાં ભરાયાં. કમનસીબે ગુજરાતમાં તે અરસામાં ગુજરાત-સૌરાષ્ટ્રના નેતાઓ વચ્ચે મનદુ:ખ થયાં. ડૉક્ટર જીવરાજ મહેતાની સરકારે સત્તા છોડી. શ્રી રસિકભાઈ, શ્રી રતુભાઈએ પ્રધાનપદ છોડ્યાં. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં આ સામંતશાહી પરિબળો છેક ગુજરાત પ્રદેશ સમિતિ સુધી પહોંચ્યાં. ફાટફૂટ, જૂથબંધીનો લાભ લઈ જિલ્લાસમિતિએ તાલુકા પંચાયત પ્રમુખ તરીકે ટિકિટ આપેલી તે સામે પ્રદેશસમિતિએ તા. પં. પ્રમુખ તરીકે સાયલા સ્ટેટના ભાયાતને ટિકિટ આપી. જેને ખાદીનાં વસ્ત્રો કે નશાબંધી સાથે સ્નાનસૂતક નહોતું તેવાને પસંદ કરતાં શ્રી કરમશીભાઈએ અને અમે વિરોધ કરી અનિષ્ટો સામે લડી લેવા નિર્ધાર કર્યો. ચૂંટણી પહેલાં સરપંચોનાં અપહરણ થયાં અને મતદાનના દિવસે મતદાનમથકના પગથિયેથી જ અમારા જૂથના ત્રણ સરપંચોને માથાભારે માણસો ઉઠાવી ગયા. સભામાં મત લેવાયા. બંનેના ૩૪-૩૪ સરખા મત

પડ્યા. વિકાસ અધિકારીએ એક બાળક પાસે ચિઠ્ઠી ઉપાડાવી, પ્રમુખ તરીકે નિર્ણય લેવા જણાવતાં ચિઠ્ઠીમાં શ્રી કરમશીભાઈનું નામ નીકળતાં આનંદ-ઉલ્લાસ છવાઈ ગયો. વિજયસરઘસ નીકળ્યું. પ્રોસીડિંગ-કાર્યવાહી લખાઈ હતી પણ અધિકારીની સહી ન થઈ. પરિણામે બીજા દિવસે દરબારી જૂથે તરકટ કરી ખોટું પ્રોસીડિંગ લખી શ્રી બળભદ્રસિંહ ઝાલાને ચૂંટાયેલા જાહેર કર્યા. બંને પ્રમુખો તાલુકા પંચાયત ઓફિસમાં ટેબલખુરશી નાખી બેસવા માંડ્યા ! એક તાલુકા પંચાયત, બે પ્રમુખ ! જિલ્લા વિકાસ અધિકારીએ આ ચૂંટણી કેસ ચલાવી ફેંસલો આપ્યો કે શ્રી કરમશીભાઈ મકવાણા ચૂંટાયેલા પ્રમુખ છે. ત્યારે ગુજરાતમાં સ્વ. બળવંતરાય મહેતાનું મંત્રીમંડળ સત્તા પર હતું. તે વખતના પંચાયતમંત્રી શ્રી જયાબહેન શાહે ઝઘડામાં લવાદ કે પંચથી નિકાલ લાવવા સૂચન કર્યું. પૂ. રવિશંકરદાદા મહારાજ, પૂ. બબલભાઈ મહેતા, પૂ. જુગતરામભાઈનાં લવાદ તરીકે નામો સૂચવ્યાં. કરમશીભાઈએ સૂચન સ્વીકાર્યું પણ સામે પક્ષે ઇન્કાર કર્યો અને ધરાર પ્રમુખ તરીકે બેસવા પ્રયત્ન કર્યો. આખરે સાયલા તાલુકા પંચાયતને સસ્પેન્ડ કરવામાં આવી. પ્રમુખપદના ઝઘડાનો કેસ ગુજરાત હાઈકોર્ટમાંથી નીચલી ન્યાયકોર્ટે ચાલ્યો. સાક્ષી –પુરાવા, રેકર્ડ તપાસાયાં, જેમાં શ્રી કરમશીભાઈ મકવાણા ચૂંટાયેલા જાહેર થયા. સેશન્સ કોર્ટમાંથી હાઈકોર્ટમાં અપીલ થઈ હતી; પરંતુ ચૂંટાયેલા પ્રમુખ કરમશીભાઈ મકવાણા જાહેર થયા ત્યારે તેઓ સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના સભ્ય બન્યા હતા. ગુજરાતમાં કોંગ્રેસના બે ભાગલા પડી ચૂક્યા હતા – 'ઇન્ડિકેટ'– 'સિન્ડિકેટ'. દેશમાં મધ્યસત્ર ચૂંટણી આવી. ગુજરાત કોંગ્રેસે સુરેન્દ્રનગરના સંસદ સભ્ય તરીકે ધ્રાંગધ્રાના રાજવીને પસંદ કરતાં અમારે નાછૂટકે સંસ્થા કોંગ્રેસ છોડવાનો પ્રસંગ ઊભો થયો. જે રાજાશાહી-ગિરાસદારી તત્ત્વોએ પાંચ-છ વર્ષ નિરાંતની નીંદર લેવા દીધી નહોતી તેની જ પસંદગી થતાં અમે શ્રી રસિકભાઈ પરીખની આગેવાની સ્વીકારી અને સાયલા-ચોટીલામાં ભારે જહેમત ઉઠાવી રસિકભાઈને સંસદ સભ્ય તરીકે વિજયવંત બનાવ્યા.

## દુષ્કાળ સામે સંઘર્ષ

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં શિક્ષણ-સંસ્કાર મેળવી ફરી પાછા અમે માતૃભૂમિની આરતી ઉતારવા ધજાળા જઈ વસ્યા ! જમીનદારી નાબૂદી થઈ. ખેડૂતો જમીનના માલિક બન્યા. સ્વરાજનો એક દસકો સારો ગયો, પરંતુ ઈ.સ. ૧૯૬૨થી દર ત્રીજે વર્ષે એક વર્ષ અછતનું આવે જ ! અભણ, અજ્ઞાન ખેડૂતો સહકારી મંડળીઓના દેવાદાર બની ગયા, કરજના બોજા નીચે આવી ગયા. તેમાં છપ્પનિયાની યાદ અપાવે તેવો દુષ્કાળ પડ્યો. ઈ.સ. ૧૯૭૨માં વરસાદ પડ્યો નહિ. લોકોને આજીવિકા માટે રોજી-રોટી આપવાના, ગાયો, બળદો, પશુઓ બચાવવાના પ્રશ્નો ઊભા થયા. એ વખતે ગુજરાત સરકારે રાજ્યમાં યુદ્ધના ધોરણે દુષ્કાળ રાહત કાર્ય ઉપાડી લેવા અનુરોધ કર્યો. કરમશીભાઈએ ધારાસભ્ય તરીકે અને અમે તેમના સહકાર્યકર તરીકે આવી પડેલ આફતમાં લોકોને મદદરૂપ બનવા નિર્ધાર કર્યો. ચારપાંચ ગામ વચ્ચે રોજી-રોટી અપાવવી, રાહતકામો ખોલાવવાં, તેના ચુકાદા કરાવવા, પશુઓ માટે ઘાસકેન્દ્રો ખોલાવવાં, ગામડાંમાં પીવાનાં પાણીનો પ્રબંધ કરાવવો, નિરાધાર–અશક્ત માણસોને કૅશ ડોલ્સ રાહત અપાવવી અને વિતરણ કરાવવું, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કલેક્ટર કચેરી મારફત ગામડે ગામડે તળાવો, રસ્તા, સીમબંધ અને વનવિકાસનાં વ. કામો હાથ ધર્યાં. ઉનાળાના ધોમધખતા તાપ વચ્ચે જઈ લોકોને હિંમત અને આશ્વાસન આપતાં એક વર્ષ પસાર કર્યું. તો બીજા વર્ષે પણ દુષ્કાળ ત્રાટક્યો ! લોકોને પડ્યા ઉપર પાટું જેવું થયું ! સાયલા –ચોટીલા તાલુકાના લોકોએ ઘરેણાં વેચ્યાં...વાસણ વેચ્યાં અને સારાં ભરતગૂંથણ પણ વેચ્યાં. અનાજની કારમી ખેંચ વર્તાવા લાગી. લોકો પાસે અનાજ ખરીદવાના પૈસા નહોતા. એવા હતા એ કપરા દિવસો ! ત્યારે સૌરાષ્ટ્રમાં સેવાભાવી સંસ્થાઓએ, મહાજનોએ દુષ્કાળનો ભોગ બનેલ પીડિત પ્રજા માટે માનવતા અને અનુકંપારૂપે દાનની ગંગા વહેવડાવી, જેમાં સદ્ગુરુ સેવા સંઘ, રણછોડજી મહારાજ ટ્રસ્ટ, શેઠશ્રી અરવિંદભાઈ મફતલાલ તરફથી મળેલી મજૂરોને મફત સુખડી આપવાની યોજનાનું અમે વિતરણનું કાર્ય ઉપાડી લીધું. રાજસ્થાન સેવા સમિતિ દ્વારા ‘કેટલ-કૅમ્પ નીરણ કેન્દ્ર’ ખોલવા જણાવાયું; તો મેં ‘જસાપર ડેમ’ ઉપર વિશાળ કેટલ કૅમ્પ ખોલી હજારો પશુઓને ઘાસ, ખાણ આપી બચાવવાની કામગીરી ઉપાડી લીધી.

આ વખતે મારા ઘેર મારાં પત્ની અને પુત્રીઓએ દુષ્કાળ રાહત કાર્યો કરતા કાર્યકરોને, અધિકારીઓને જમાડવાનું, તરસ્યા માણસોને ઠંડું પાણી પાવાનું કામ ઉપાડી લીધું ! સવાર, બપોર, સાંજ રસોડું ચાલુ રહે ને પાણીના ગોળા ભરાય ને ખાલી થાય, પણ કોઈ તરસ્યું ન જાય કે જમવા ટાણે આંગણે આવ્યું ભૂખ્યું ન જાય ! આ દિવસોમાં અનાજની ભારે ખેંચને લીધે થોડો સમય તો લોકોને બટેટાં પણ બાફીને ખાવા આપતા. ધજાળા આસપાસનાં ગામોનાં લોકો એસ.ટી.માં ધજાળા ઊતરે; મારે ઘેર પોતાનું વજન મૂકે. કેટલાંક ગામડાંના દરબારો રાહત કામે જતા ન હતા, તેમની પત્નીઓ અને બાળકો ભૂખ-દુ:ખ વેઠતાં હતાં. એક ચીંથરેહાલ દરબારે મારે ત્યાં પોટકું મૂક્યું, ''સવારે લઈ જઈશ'' એમ કહ્યું. પૂછતાં ખ્યાલ આવ્યો કે તેમાં શીંગનો ખોળ હતો અને તે ખાવા માટે લીધો હતો. લોકોને ખોળ ખાવો પડતો. મેં દરબારને વાળુનો આગ્રહ કર્યો. તે શરમાતા બેઠા ! જમતાં જમતાં વાત કરી કે, ''સવશીભાઈ, શી વાત કરવી ? છોકરાં હવે ટંક બપોર છાંડી જાય છે. ઘરમાં 'કાંઈ વહત' નથી; હતું ઈ બધું વેચી દી કાઢયા. હવે ભગવાન આબરૂ સોતો લઈ જાય તો સારું.'' વાત કરતાં દરબારની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. મેં આશ્વાસન આપ્યું કે અમે રાજ્ય સરકારને જણાવીને તગાવી લોન અપાવશું. રાજ્ય સરકારને જણાવીને રાહતકાર્યો ઉપરાંત ખેડૂતોને જૂના કૂવા ઊંડા ઉતારવા તગાવી-લોન અપાવી, બળદ –તગાવી, ઘાસ–તગાવી અપાવી જે રકમ લોકોએ નિભાવ માટે વાપરી. લોકોએ બીજું વર્ષ પણ દુષ્કાળ સામે સતત સંઘર્ષ કરી પસાર કર્યું. કુદરતને પણ લોકોની અને રાજ્ય સરકારની કસોટી કરવી હોય તેમ સતત ત્રીજા વર્ષે પણ દુષ્કાળ ત્રાટક્યો. આખા પ્રદેશનું લોકજીવન સાવ કંગાળ બની ગયું. કમનસીબે એ સમયે ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન હતું. અમે તાલુકા-જિલ્લા વહીવટી તંત્રને રાહત કામો ખોલવા રોજી-રોટી આપવા જણાવ્યું પણ રાષ્ટ્રપતિ શાસનમાં કોઈએ દાદ સાંભળી નહિ ! આથી અમે બંને ભાઈઓ ઊકળી ઊઠ્યા ! રાહતકામો ખોલી લોકોને રોજી-રોટી આપવા જિલ્લા કલેકટર સાહેબને ''ઉપવાસ આંદોલન'' સત્યાગ્રહની નોટિસ આપી ! વર્તમાનપત્રોમાં આ સમાચાર ચમક્યા, પણ રાજ્ય સરકારનું વહીવટીતંત્ર જાગ્રત બન્યું નહિ ! એ વખતે માજી મુખ્યમંત્રી શ્રી ઘનશ્યામભાઈ ઓઝા અમને સમજાવવા સાયલા આવ્યા અને અમને સમજાવવા લાગ્યા કે સત્યાગ્રહો કે ઉપવાસ જેવું અંતિમ પગલું ભરવું તે વાજબી નથી. દેશમાં ઇંદિરાબહેન વડાપ્રધાન છે. કોંગ્રેસી શાસનમાં કોંગ્રેસી તરીકે ઉપવાસ આંદોલન કરવું ઉચિત નથી ! પણ અમને એમની વાત ગળે ઊતરી નહિ. અમે

અમારા નિર્ણયમાં મક્કમ હતા. કલેક્ટર કચેરીના દરવાજે રાવટી નાખી કરમશીભાઈ તથા હું ઉપવાસ ઉપર બેઠા. સાયલા-ચોટીલાના ગામડેગામડેથી સરપંચો, ખેડૂતો, આગેવાનો ઊતરી પડ્યા. કલેક્ટર કચેરી અને સચિવાલય સુધી ટેલિફોન સંદેશાની ઘંટડીઓ રણકી ઊઠી...કલેક્ટર સાહેબ અને જિલ્લા વિકાસ અધિકારીઓને રાજ્ય સરકારે વાટાઘાટ કરવા આદેશ આપ્યો. વહીવટીતંત્ર જાગ્રત બન્યું. બીજા દિવસે સત્યાગ્રહીઓ અને તંત્રવાહકો વચ્ચે વાટાઘાટ ચાલી. દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં ચારપાંચ ગામ વચ્ચે તત્કાળ રાહતકાર્યો શરૂ કરવા મંજૂરી અપાઈ ! એ રીતે સુખદ સમાધાન થયું. રાહતકાર્યો શરૂ થયાં; પીવાના પાણી માટે વ્યવસ્થા કરવામાં આવી. ઘાસકેન્દ્રો શરૂ થયાં. નિરાધાર અશક્તોને રાહતભાવે અનાજ, વસ્ત્રો પહોંચાડ્યાં. લોકો હાથપગ-બાવડાને બળે દુષ્કાળ પાર ઉતારવા પ્રચંડ પુરુષાર્થ કરવા લાગ્યા. ગામોગામ જળસંગ્રહ માટે નવાં તળાવો બાંધ્યાં, ગ્રામ જંગલો ઊભાં કરાવવાં ખાઈઓ ગળાવી, જમીનધોવાણ અટકાવવા બંધપાળા-સીમબંધ બાંધ્યા. રાહતકાર્યો પર જઈ લોકોને મળી આશ્વાસન હિંમત આપ્યાં. ચોમાસું આવતાં બિયારણ અપાવ્યાં અને એ રીતે દુષ્કાળ સામે સતત સંઘર્ષ ખેલી અમે પણ લોકસેવાની કસોટીએ ચડ્યા. દુષ્કાળે અમારું ઘડતર કર્યું.

**એક ભંગીની સ્મશાનયાત્રા**

એ વખતે હું ધજાળા ગ્રામ પંચાયતનો સરપંચ. ચોટીલા તાલુકામાં પીયાવા-ભીમોરા સર્વોદય યોજનાની પ્રવૃત્તિનું સંચાલન કરું ને દુષ્કાળ રાહતનાં કામો ચલાવું. અમારા ગામમાં દેવશી ભંગી વૃદ્ધાવસ્થાને આરે પહોંચેલો. કામધંધો ખાસ કરે નહિ; ચા, બીડી, ચલમનું બંધાણ. ગામમાંથી રોટલા માગી દિવસો પસાર કરે. પરિવાર પણ મોટો. બેત્રણ પુત્રીઓ પરણાવી સાસરે વળાવેલી. જુવાન છોકરા પણ કંઈ કામ કરે નહિ. શહેરોમાં ચાલ્યા જાય. એ વખતના સૌરાષ્ટ્ર હરિજન સેવક સંઘના પૂ. છગનભાઈ જોષીની મદદ અને રાજ્ય સરકારની સહાયથી તેને રહેવાનું પાકું મકાન પંચાયતે બંધાવી આપ્યું. તેની પત્ની ગુજરી ગઈ...દેવશી ખાટલા ભરે, સૂંડલા બનાવે, સાવરણા બાંધે, તેમાં પડ્યો દુષ્કાળ ! તેને લગ્નપ્રસંગે, જન્માષ્ટમી પર વગાડવા માટે જે ઢોલ કરાવી આપ્યો હતો તે પણ વેચી દીધો. તેમાં તે બીમાર પડ્યો. તે વખતે મોટા છોકરા બહારગામ. પાસે નાની બે દીકરી. તેમાં વળી એક અંધ ! સારવાર કરનાર કોઈ નહિ. સવારમાં જ તેનું મૃત્યુ થયું. ગામમાં

બીજા કોઈ ભંગી નહિ. આસપાસનાં ગામના ભંગીઓને અંતિમક્રિયા માટે બોલાવવા ગયા પણ કોઈ આવ્યું નહિ. સાંજની બસમાં હું ધજાળા ઊતર્યો. મારાં પત્નીએ વાત કરી કે "ભંગી દેવશીનું સવારે મૃત્યુ થયું છે, સવારનું મડદુ પડ્યું છે. પણ કોણ એને હાથ અડાડે ? ભંગી મેલું વરણ કહેવાય. કોણ એને સ્મશાન લઈ જાય ?" તરત જ વાળુ કર્યા વિના લોકશાળામાં ગયો; શિક્ષકો વિદ્યાર્થીઓને વાત કરી કે, "ભંગીના શબની અંતિમ ક્રિયા કરવી તે આપણી સૌની ફરજ છે. ચાલો, આપણે તેની સ્મશાનયાત્રા કાઢી અંતિમ સંસ્કાર કરીએ."

સંસ્થામાંથી જ વાંસ, ખાદીનું વસ્ત્ર અને સૂતર લઈ જઈ અમે નનામી બાંધી, ભંગી દેવશી લખુની સ્મશાનયાત્રા કાઢી. આગળ અમે સૌ કાર્યકરો, શિક્ષકો અને પાછળ વિદ્યાર્થીઓ ધૂન બોલતા ચાલ્યા :

"રઘુપતિ રાઘવ રાજા રામ
પતિત પાવન સીતા રામ."

જે સ્થળે ભંગીઓનું સ્મશાન હતું ત્યાં તેમના રિવાજ મુજબ ક્રિયા કરી. રાત્રે સ્નાનઘાટ પર નાહીને સમૂહપ્રાર્થના કરી, ભજન ધૂન ગાઈ ભંગી દેવશીના આત્માને શાંતિ માટે ભગવાનને પ્રાર્થના કરી.

**ઉજ્જડ વેરાન ગામમાં વાસ**

ધજાળા ગામમાં લોકશાળા ને સર્વોદય યોજનાનું સંચાલન કર્યા બાદ 'જિલ્લા સર્વોદય યોજનાના' સ્થળાંતરનો પ્રશ્ન ઊભો થયો. રાજ્ય સરકારના નિયમો પ્રમાણે અમે આ યોજના ચોટીલા તાલુકાના પછાત વિસ્તાર પીયાવા-ભીમોરા લઈ જવાનું નક્કી કર્યું. ઈ.સ. ૧૯૭૪માં બીજા પ્રદેશ ચોટીલા તાલુકામાં પીયાવા-ભીમોરા જવાનો દિવસ આવ્યો ત્યારે ધજાળા સંસ્થામાંથી થોડો સામાન અને મને પ્રિય એવું ગૌતમ બુદ્ધનું ચિત્ર લીધું ત્યારે...ભરીભાદરી ગ્રામવિદ્યાલય-લોકશાળા સંસ્થા અને વહાલું ઘર છોડતાં મારું હૃદય અને ગળું ભરાઈ આવ્યું ! આંખના ખૂણા ભીના બન્યા; પરંતુ મનમાં થયું કે આખરે તો મારે સેવા કરવી જ છે ને ? અહીં કે ત્યાં સરખું જ છે ને ? પીયાવા મકાન ભાડે રાખી વસ્યો ! રોજ સાંજે સમૂહ પ્રાર્થના કરતો, ગ્રામજનો ને સ્વ. ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓ સંભળાવતો. કમનસીબે એ વર્ષે દુષ્કાળ હતો. અમે રાહતકાર્યો શરૂ કરાવ્યાં; અનાજ વિતરણ, કૅટલ

કૅમ્પ શરૂ કરાવ્યો. રોડ, તળાવ બંધાવ્યાં, લોકો સાથે સંબંધ જોડ્યો. સર્વોદય યોજના માટે ભીમોરા ગામની જમીન મેળવી, ભીમોરાની ગુફા -પ્રાચીન શિવમંદિરવાળીની ઉજ્જડ ભેંકાર જગ્યાએ ધામો નાખ્યો. પ્રાચીન કિલ્લા પર ઘુવડનો અવાજ રાત્રિની ભયંકરતામાં ઓર વધારો કરતો.

પ્રથમ સમૂહશ્રમથી એક પર્ણકૂટિ જેવી ઓરડી બાંધી. ત્યાં ઉત્તરપ્રદેશના એક ખાખી સાધુ સાથે રહેવાની શરૂઆત કરી. આ દિવસોમાં વધુ કામને લીધે જાતે રસોઈ કરવાનું ફાવે નહિ, આળસ થાય; દૂધ વિનાની ચા અને દાળિયા ફાકી દિવસો પસાર કરતો. જમીન ઉપરનાં થોર, ઝાળાં-ઝાંખરા કઢાવ્યાં, પથ્થર વિણાવ્યા, ખાડા પુરાવ્યા, ગુફા સાફ કરી, ગંદકી કાઢી, પ્રાચીન કૂવો-વાવ સાફ કર્યાં. પછી સર્વોદય યોજનાનાં મકાનો વલ્લભવિદ્યાનગર આણંદની વિશ્વકર્મા તાલીમ સંસ્થાનો સંપર્ક સાધી ઓછા ખર્ચે પથ્થર-ગારાના ચણતરવાળાં મકાનો ‘‘ડ્રેમોસ્ટ્રેશન હાઉસ’’ બાંધ્યાં. પીવાના પાણીનો કૂવો ગાળી, બાંધી પાણી પુરવઠા યોજના બનાવી. શિક્ષણ સંસ્થાના મકાનના પાયા ગાળતાં માણસોની ખોપરીઓ અને હાડકાં નીકળ્યાં. કટાઈ ગયેલી તલવાર ને પ્રાચીન વાસણ નીકળ્યાં. આ સ્થળે ભીમોરાની લડાઈ થઈ હતી ! એ જ યુદ્ધમેદાનમાં મકાનો બનાવ્યાં. રસ્તે વૃક્ષો વાવ્યાં, ફૂલછોડ, વેલો વાવી. પ્રાચીન ગુફાને અજન્તાના પદ્મપાણિ, બૌદ્ધચિત્રોથી સજાવી. ચેકડેમ બાંધ્યો. પ્રાથમિક શાળા, છાત્રાલય, ઉત્તર બુનિયાદી શાળા શરૂ કરી. આ પ્રદેશનાં બાળકોને દાખલ કર્યાં. આ રીતે ઉજ્જડ વેરાન ગામને ફરી વસાવ્યું. મારી આ પ્રવૃત્તિ જોઈ વિદેશી સંસ્થા ‘ઓક્સફામ’ ટોનીવોક્સ તરફથી ખેતીવાડી માટે ૨૫ હજાર રૂપિયાનું દાન મળ્યું.

સર્વોદય યોજના મારફત આસપાસની ૧૦ શાળાઓનું સંચાલન કર્યું. ખેતીવાડી ક્ષેત્રે નવા બિયારણનું વિસ્તરણ કર્યું. ગરીબ, પછાત, ભંગી, હરિજન, આર્થિક રીતે નબળાં લોકોને મકાનસહાય આપી મકાનો બાંધવા મદદ કરી. વિદ્યાર્થીઓ, ખેડૂતોના પ્રેરણા-પ્રવાસ યોજાયા. બાળમેળા અને સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની રેલી જેવા કાર્યક્રમો યોજ્યા. આમ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આ લોકજીવન સાથે ઓતપ્રોત થઈ ગયો.

ગુજરાતમાં જાહેર જીવનમાં પલટો આવ્યો. કોંગ્રેસી શાસનનો અંત આવતાં જનતા મોરચો-જનતાપાર્ટીનું શાસન આવ્યું. કરમશીભાઈને ધારાસભ્ય તરીકે પક્ષપલટો કરવા માટે આંતરિક દબાણ થયું, પણ વશ ન થયા. સરકારે સર્વોદય યોજનાની સલાહકાર સમિતિમાં રચનાત્મક

કાર્યકરોને બદલે જનતા-પાર્ટીના રાજકીય કાર્યકરો નીમ્યા ! તેઓ મારી સાથે મારા સાહેબ હોય તેમ વર્તવા લાગ્યા. સંચાલક તરીકે મને છૂટા કરવાની માગણી થઈ અને મારા ઉપર એક-બે પોલીસ કેસ કરવામાં આવ્યા. ''તમે પ્રાચીન ગુફા પુરાતત્વ ખાતાની મંજૂરી વિના સુધારી છે, મૂર્તિની ચોરી કરી છે.'' તપાસનીશ અધિકારી ગુફાનું સૌંદર્ય જોઈ પ્રભાવિત થયા. અંતે કેસ ફાઈલ થઈ ગયો. એક કેસમાં ન્યાયકોર્ટે નિર્દોષ છોડ્યો. સંચાલક બદલવા રાજ્ય સરકાર અને રાજકીય કાર્યકરોએ દબાણ કરતાં મેં જાતે જ સંચાલક તરીકેનું સ્થાન છોડવાની અને સર્વોદયયોજનાનું સ્થળાંતર કરવાની દરખાસ્ત કરી. પાટડી તાલુકામાં પારડી ખાતે સર્વોદય યોજનાનું સ્થળાંતર થયું. ભીમોરા ખાતે ગ્રામવિકાસ લોકશાળા-ટ્રસ્ટના સંચાલન તળે ઉત્તર બુનિયાદી વિદ્યાલય, આશ્રમશાળા, છાત્રાલયોની શિક્ષણ-સંસ્કાર પ્રવૃત્તિ ચાલુ રાખી. અમારા જ ભણાવેલા વિદ્યાર્થીઓ બી.એ. બી. એડ થઈ આ સંસ્થાનું સંચાલન કરવા લાગ્યા હતા. આ બીજી નવી સંસ્થાનું નિર્માણ કર્યા પછી સંસ્થા છોડી ચાલી નીકળવાના સંજોગો ઊભા થયા. કારણ કે મને સર્વોદય યોજનામાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. આ જગ્યાએ પાંચ વર્ષ કામ કર્યા પછી તે છોડતાં મારું હૃદય એક અંતરવ્યથા અનુભવી રહ્યું હતું. જ્યાં મેં તન, મન, ધનથી શૂન્યમાંથી સર્જન કર્યું તે સ્થળેથી મારે અલવિદા કહેવાની સ્થિતિ ઊભી થઈ ! મારા મનમાં પેલું ગીત ઘોળાતું હતું :

ચલ ઉડ જા રે પંછી...યે દેશ હુઆ બેગાના
તૂને તિનકા તિનકા ચુનકર નગરી એક બસાઈ
ચલ ઉડ જા ઉસ ડાલીસે..યે ઘર નહિ તેરા...

## રાજકારણમાં હાર અને માર :

વર્ષો સુધી શિક્ષણકાર્ય અને સર્વોદય યોજના મારફત રચનાત્મક પ્રવૃત્તિ કર્યા પછી સંજોગોએ મને જાહેર જીવનમાં-રાજકારણમાં ધકેલ્યો. સુરેન્દ્રનગર જિલ્લાના જાહેર જીવનના ઇતિહાસમાં સ્વરાજ પછી એ દસકા તો સારા ગયા, જેમાં રસિકભાઈ પરીખ વગેરેની નેતાગીરી રહી; જેમણે ખૂબ સારું કામ કર્યું. કરમશીભાઈ જેવા પછાત વર્ગના માણસોને ધારાસભ્ય બની લોકસેવા કરવાની તક મળી.

પક્ષપલટો કરનાર અને મને સર્વોદય યોજનાના સંચાલકપદેથી મુક્ત કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવેલો તેની સામે ધારાસભાની ચૂંટણી લડવાની મને ઇચ્છા થઈ. મેં ટિકિટ માગતાં ગુજરાત કોંગ્રેસ (ઈ)એ મને ટિકિટ આપી. પેલા નેતા ખસી ગયા ! ને મારી સામે ગિરાસદાર આગેવાન આવ્યા. મારી સામે ગુંડાગીરીએ માઝા મૂકી. પૂરું મતદાન ન થવા દીધું, કોંગ્રેસની જ આંતરિક જૂથબંધી અને તદ્દન અજાણ્યા મતવિસ્તારને કારણે મારો બહુ થોડા મતે પરાજય થયો. મેં જનસેવાનું કાર્ય ચાલુ જ રાખ્યું. કોંગ્રેસ પક્ષમાં પણ સત્તાલાલચુઓ, પક્ષપલટુઓ યેનકેન પ્રકારે સત્તા મેળવવા મેદાને પડ્યા હતા. તેવાને સત્તાસ્થાને આવતાં રોકવા મેં સાયલા તાલુકા પંચાયત પ્રમુખપદ માટેની ચૂંટણી લડવા નિર્ધાર કર્યો. ઈ.સ. ૧૯૬૩/૬૪માં કરમશીભાઈ સામે જે માથાભારે માણસો, સ્થાપિત હિતો અનિષ્ટો આચરતાં ઊભાં થયાં હતાં તે મારી સામે પણ ચૂંટણી લડવા મેદાને પડ્યાં. પણ અમારી જનસેવા પ્રવૃત્તિને કારણે મારી જીત થઈ. મારા હરીફે હાઈકોર્ટનો મનાઈ હુકમ મેળવ્યો. મનાઈ હુકમ ઊડી ગયો. હું પ્રમુખપદે આવ્યો. ખૂનના જાસા અને ધાકધમકી વચ્ચે કામ શરૂ કર્યું. લોકોની રોજી માટે તૂટેલાં તળાવો રિપેર કરાવ્યાં. રોડ, સીમબંધના કામો કરાવ્યાં, તાલુકા પંચાયત કચેરી રિપેર કરાવી અને ગરીબોને ૧૦૦ ચોરસવારના પ્લોટ અપાવી તેના પર મકાનો બાંધવાની ઝુંબેશ ચલાવી. લોકોના રોજબરોજના પ્રશ્નો તંત્ર સમક્ષ રજૂ કર્યા. ગ્રામવીજળીકરણ કરાવ્યું. એસ.ટી.ની સુવિધા માટે પ્રયત્નો કર્યા. કાયદો અને વ્યવસ્થા કથળ્યાં હતાં. પાકભેલાણ, મારામારી, ખૂનો અને ભ્રષ્ટાચારે તો માઝા મૂકી હતી. લાખો રૂપિયા ચવાઈ જતા. આમ પ્રજાનાં નાણાંનો દુર્વ્યય થતો જોઈ તપાસ કરવા મેં રાજ્ય સરકારને જણાવ્યું. તપાસ આવી તેથી કોન્ટ્રેક્ટરો, માથાભારે માણસો, સ્થાપિત હિતો મારા પર ઉશ્કેરાયા, રિવોલ્વરધારીનું રક્ષણ મળ્યું

પણ મને પોલીસ રક્ષણ નીચે પંચાયતના પ્રમુખ તરીકે કામ કરવું ઉચિત ન લાગ્યું. પાંચ-સાત માસ પ્રમુખ તરીકે કામ કર્યા પછી એક દિવસ અગત્યના કામે સુરેન્દ્રનગર ગયો. સાયલા આવતાં મોડું થયું. બસ સ્ટૅન્ડ પર એક યુવાન ખેડૂત મળ્યો. તેને જરૂરી કામ હોઈ હું રોકાયો. બંને ભૂખ્યા હતા. લૉજમાં જમવા ગયા. અંધારું છવાઈ ગયું હતું. જમીને પાછા ફરતાં રોડ કાંઠે ઊભેલા માલધારીઓએ મારા પર ખૂની હુમલો કર્યો. મેં ત્રણ-ચાર લાકડીના ઘા ખાધ્યા ને એ જ પળે ધસમસતી ટ્રકની લાઇટ આવતાં પેલા નાસી છૂટ્યા ! સદ્ભાગ્યે હું બચી ગયો. સવારે સાયલા શહેરમાં સરઘસ નીકળ્યું, સખત હડતાળ પડી. ગ્રામવિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ. સૌના આશીર્વાદથી થોડા સમયમાં હું સાજો થઈ જનસેવાના કામે લાગ્યો.

**ઋણમુક્તિ**

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-લોકશાળા સંસ્થામાં પૂ. નાનાભાઈ ભટ્ટ, પૂ. મનુભાઈ પંચોળી, પૂ. મૂળશંકરભાઈ ભટ્ટ, પૂ. બુચભાઈ અને ગુરુજનોએ અમને શિક્ષણ-સંસ્કાર આપ્યા. પુરુષાર્થ માટે પ્રેરકબળ આપ્યું. અમારી જેવા પછાતને માનવી બનાવ્યા અને માણસાઈના દીવા પ્રગટાવવા દીવેલ પૂર્યું. અને એ શક્તિ–સંસ્કારના બળે જજીવનમાં દરેક ક્ષેત્રે સંઘર્ષ કર્યો; પુરુષાર્થ કર્યો. સમાજમાં નવી પેઢીએ જે કરી છૂટવું જોઈએ તે કરી છૂટવા રાત-દિવસ કામ કર્યું. જેનું સરવૈયું આગળ રજૂ કર્યું. હવે અમારી પછીની પેઢીને સવાયા બનીને કામ કરવાનો સમય આવ્યો છે. માણસ જેવું વિચારે છે તેવું આચરે છે, અને જેવું આચરે છે તેવું તેને મળે છે. અમારી માતૃસંસ્થાની આ શીખ. અમારું કાર્ય એ જ અમારી મિલકત અને એ જ અમારો કલ્યાણમાર્ગ ! અમે જાગ્રત પુરુષાર્થ વડે જ ગ્રામ વિદ્યાલય લોકશાળા ધજાળા, ઉત્તર બુનિયાદી વિદ્યાલય ભીમોરા જેવી શિક્ષણ સંસ્થાઓનું સર્જન કર્યું અને શિક્ષણની પ્રવૃત્તિ સાથે કચડાયેલા, દબાયેલા, શોષિત લોકોના બહુજનહિતાય, બહુજનસુખાય રચનાત્મક કામો કર્યાં, જનહિતાર્થે જાહેરજીવનનો સંઘર્ષ વેઠ્યો.

પોતાનાનું અને પોતાનું સૌ કોઈ ધ્યાન રાખે છે. એમાં કશી નવાઈ નથી, પણ અન્યનું ભલું કરતાં રહીએ તે જ સાચું શિક્ષણ અને સંસ્કાર ગણાય. ઈશ્વર સમાજમાં જ વસે છે. સમાજનું કાર્ય તે જ ઈશ્વરનું કાર્ય છે. અમને મળેલા જ્ઞાનને કાર્યમાં મૂકી જે સમાજમાં બેસીએ છીએ તેમાં ઓતપ્રોત બની સમાજને પ્રગતિના પંથે લઈ જવા નમ્ર પ્રયાસ કર્યો, કરીએ છીએ. ઈશ્વરકૃપાએ

ગ્રામદક્ષિણામૂર્તિમાં દૂઝણી વિદ્યા પામ્યા. સર્જનનું શિક્ષણ  –શીલ અને સંસ્કાર–નો વારસો મેળવ્યો. તેનાં બી આ ધરતીમાં વાવ્યાં.

**"જીવન ધૂપસળી આ**
**છોને બુઝાઈ જતી...મહેકતી...મહેકતી...મહેકતી..."**

**નિરધાર :**

**સાચને પડખે રહીને ઝૂઝતા**

**આપણે પળવાર પણ ખસવું નથી;**

**સંકટો, દુ:ખો, પધારો સ્વાગતમ્ !**

**લેશ પણ આ માર્ગથી ચસવું નથી.**

**જૂઠની જીતે ચણેલા માંડવે**

**પ્રાણ મારા લાલચે રમવું નથી;**

**જાલિમો ને ધૂર્તના પાયે પડી**

**કોઈ દી કોઈ મિશે નમવું નથી.**

**મર્દની મોકાણમાં જાવું ભલે**

**કાયરોની જાનમાં ચડવું નથી;**

**મોતની મુસકાન મીઠી માણશું**

**જિંદગીમાં જીવવા રડવું નથી.**

**પ્રાણ મારા, એકલા આગે બઢો,**

**આજ બોલો, 'ના, હવે ડરવું નથી.'**

**જંપ ક્યાં છે ? ચેન ક્યાં છે ? દંભના**

**દંગલો તોડ્યા વિના ઠરવું નથી;**

**સાચને પડખે પરાજય હો ભલે**

**તે છતાં પાછું હવે ફરવું નથી.            - શ્રી મકરંદ દવે**

## ત્રિવિધ મુક્તિદાતા વિદ્યા

વિદ્યા બે જાતની છે – વાંઝણી અને દૂઝણી. દૂધ ન આપે ને વિયાય નહીં તે વાંઝણી ગાય શા કામની ? વિદ્યાનું પણ એવું જ. ખરી વિદ્યા પરમતત્ત્વ અને ત્રિવિધ મુક્તિનું દૂધ આપે છે. 'સા વિદ્યાયા વિમુક્તયે.' જે વિદ્યા વળગાડ જેવી હોય છે તે બોજારૂપ છે, પણ જે વિદ્યા આત્મસાત્ થાય છે અને રોમ-રોમમાંથી પ્રગટે છે તે સાચી વિદ્યા. વિદ્યા ને શીલને સંબંધ ન હોય તો વિદ્યા વાંઝણી રહે. શીલ વિના વિદ્યા લેનાર માણસ બ્રહ્મરાક્ષસ બને છે.

માણસ જ્યારે વિચાર કરતો થાય છે, ત્યારે પોતે કોણ છે, પોતાની આસપાસનું જગત શું છે, પોતાનો અને જગતનો સંબંધ શો છે, પોતે શા માટે જીવે છે, જીવનનું ધ્યેય શું છે વગેરે અનેક જાતના વિચારો કરે છે. આ પ્રમાણે ખુદ પોતાને વિષે, પોતાની આસપાસના જગત વિશે, સમગ્ર સૃષ્ટિના આદિ કારણ વિષે વિચારો કરવા એનું નામ જીવનની ફિલસૂફી, અને આ ફિલસૂફી પ્રમાણે જીવન જીવતાં શીખવવું એનું નામ કેળવણી.            – **નાનાભાઈ.**

---------------------------------------------------------

## વાત્સલ્ય

હું આંબલા લોકશાળશામાં દાખલ થયો ત્યાર પછી થોડા સમયમાં જ મારી માતાનું મૃત્યુ થયું. મને માતૃત્વની ખોટ પડી. વૅકેશનમાં ઘેર આવતો, મા વિનાનું ઘર સૂનું સૂનું લાગતું. વૅકેશન ક્યારે ખૂલે તેની રાહ જોતો. સંસ્થામાં અમારા શિક્ષકો અમારાં માબાપની ગરજ સારતા હતા. પોતાનાં બાળકો ગણી શિક્ષણ–સંસ્કાર આપતા હતા. એ જ વખતે અધ્યાપન મંદિરમાં અભ્યાસ કરતાં વડીલ બહેને બળેવના દિવસે મને રાખડી બાંધી ભગિનીસ્નેહ આપ્યો, મારા પર અપાર મમતા અને સ્નેહ વરસાવી માતાની યાદ ભુલાવી દીધી. મારા જીવનવિકાસમાં, સુખદુ:ખમાં તેમણે દૂર રહી મને દોર્યો, તેમને હું કદી ભૂલી શકું તેમ નથી. જે વિદ્યા, સુખ, શાંતિ, સ્નેહ, મમતા મળ્યાં તે આગળ જતાં અન્યના જીવનને આપવા તત્પર રહ્યો છું. ધજાળા લોકશાળામાં વિદ્યાર્થીને હું ભણાવતો એ વખતે ધાંધલપુરથી એક બાઈ કાંખમાં છોકરી અને એક આંગળીએ દોરીને નાનો પુત્ર તથા એક સહેજ મોટો પુત્ર લઈને આવી. મને વાત કરી, ‘‘આ છોકરાંના બાપ ગુજરી ગયા છે. હું સાજીમાંદી રહું છું. આ છોકરાંને મોટાં કરવા, ભણાવવાં ઈ મારું ગજું નથી.’’ કહી તે દડદડ આંસુડે રડી પડી. ‘‘બહેન, આ બે બાળકોને મૂકી જાઓ. તમારાં બાળકો એ અમારાં બાળકો એમ માનજો.’’ એ વિદ્યાર્થીઓને વિના લવાજમે દાખલ કર્યા. તેમનાં કપડાં, ચોપડી, તેલ, સાબુ, પ્રવાસખર્ચની જવાબદારી આવી પડી. આ બંને બાળકો અમારા કુટુંબમાં ઓતપ્રોત બની ગયાં. સંસ્થાનાં જ બાળકો બની ગયાં. સૌએ તેમને અપાર સ્નેહ, મમતા અને હૂંફ આપી ભણાવ્યાં ગણાવ્યાં ને આગળ અભ્યાસાર્થે ધજાળા લોકશાળામાં ભણતર પૂરું થતાં ગ્રામદક્ષિણામૂર્તિ મણાર લોકશાળામાં દાખલ કર્યાં, જ્યાં પૂ. મનુભાઈ તથા પૂ. વિજયાબહેને તેમનો હાથ ઝાલ્યો ને આંબલા લોકશાળા અને લોકભારતીમાં અભ્યાસ કરી તેઓ બી.એ. બી.એડ થઈ ગયા. પૂ. વિજયાબહેને સુસંસ્કારી ભણેલી કન્યા શોધી આપી. અમે વેવિશાળ કર્યું. લગ્ન કરાવ્યાં ! તેની બહેન જે ‘મૂંગી’ બાળા હતી તે પણ તેની માતાનું અવસાન થવાથી અમારા કુટુંબમાં આવી. તેને મારાં પત્નીએ પોતાની જ પુત્રી ગણી ગૃહકાર્ય શીખવ્યું. તેને લાયક ‘મૂંગો’ યુવાન શોધી બંનેનાં લગ્ન કરી આપી અમે અમારી સાંસારિક જવાબદારી પૂરી કરી.

આજે આ ભાઈઓ અને તેમનું કુટુંબ સર્વ રીતે સુખદાયી અમારાથી સવાયું જીવન જીવે છે ! આજે તેમનો સુખી સંસાર જોઈને જીવનમાં કાંઈક કર્યાનો પરમ સંતોષ થાય છે.